સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

ઘમાલે સરકાર નરમ ઘેંસ થઇ જાય છે,
- ને લોકશાહીનું મોઢું કાળું મેસ થઇ જાય છે
પ્રજાની આંખમાં નાખે છે મરચું ચૂંટાયા પછી -
જેના હાથમાં હોય લાઠી એ ભેંસ લઇ જાય છે..
(ચર્ચા નહીં, બળપ્રયોગ?!)

હવે દેખાય
છે ઘુવડોને પણ
'ઉગતો સૂર્ય'
(કોંગીનું નિવેદન)

ચા-ચપ્પુવાળા,
- ચલાવશે સંસદ!
મેરા ભારત..
(હું પણ ચા-વાળો - લાલુ)

ચિંતન

યતો વાચા નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ ।
આનંદ-બ્રહ્મણો વિદ્વાન ન બિભેતિ કૃતશ્ચન્ ॥

'જ્યાં મન તો પહોંચી જ નથી શકતું અને વાણી દ્વારા પણ જેનું વર્ણન અશક્ય છે એવા પર બ્રહ્મ પરમાત્માના દિવ્ય દર્શનનો સદાય હૃદયપૂર્વક અનુભવ-સાક્ષાત્કાર અનુભવે છે, એવો જ્ઞાની પુરૂષ સદાય પરમાનંદમાં જ રહે છે અને એ કોઇથી ડરતો નથી - નિર્ભય જ રહે છે.'

ઇશ્વરીય સાક્ષાત્કાર જે 'ધ્યાન' દ્વારા પ્રાપ્ત થાય છે એ દિવ્ય પ્રકાશનો અનુભવ શબ્દાતીત અને અવર્ણનીય છે અને એ જેને પ્રાપ્ત થાય છે એનું મન સદાય પ્રસન્ન-હસતું અને પરમાનંદના સાગરમાં હિલોળા રહેતું રહે છે. આ પરબ્રહ્મ પરમાત્માનો અનુભવ કરનારા સંતો તુકારામ-નરસિંહ-કબીર જેવા કદી પણ કોઇ બનાવથી ક્ષુબ્ધ થયા નથી.

આવા જ્ઞાની પુરૂષો સદાય નિજાનંદની મસ્તીમાં જ રહેતા હોય છે એમને કોઇ રાજા-પ્રજા કે સજાનો ડર હોતો નથી. સત્યથી પોતાના માર્ગે નિશ્ચિત અને નિર્ભય ચાલ્યા જ કરે છે એથી જ એમનું વ્યક્તિત્વ-વાણી-વર્તન 'નીડર' હોય છે પરમાત્મા સિવાય એમને કોઇનો પણ ડર સતાવતો નથી.

સુવિચાર

- હું કર્તા છું એવા અહંકારના સર્પે તમને ડંખ માર્યો છે, તેનું ઝેર નસ નસમાં વહે છે તેને માટે હું કર્તા નથી એ શ્રદ્ધારૂપી અમૃત પીને સુખી થાઓ. અકર્તા પદ આવ્યું એટલે જ મુક્તિ - *કૃષ્ણમૂર્તિ*
- અપના વો નહિં જો રોને પે યાદ આતા હૈ... અપના વો હૈ જો કભી રોને નહિ દેતા હૈ - *ધર્મસૂત્ર*
- માણસ જ્યારથી કોઇને સુખ આપતો થયો ત્યારથી જ માનવધર્મ, માનવીય અભિગમની શરૂઆત થઇ હશે - *માનસસૂત્ર*
- પથ્થર પણ પોલા હશે કોને ખબર, લોકો પણ બેવફા હશે કોને ખબર, રડશે મારા મૃત્યુ પછી કેટલાક લોકો, એમાં કોના આંસુ સાચા હશે કોને ખબર - *અનિલ ચાવડા*
- સિમેન્ટના ઘાબાઓએ આપણી પાસેથી વરસાદનું છાપરીયું સંગીત છીનવી લીધું છે - *ભૂપત વડોદરિયા*
- ઇર્ષાનું ભાવજગત ચાહે ખાનગી હોય પણ એનું વ્યવહાર વિશ્વ છાનું રહી શકતું નથી અણગમો, રીસ, ક્રોધ આ બધા તેના પ્રગટ આવિષ્કારો છે - *મનુ સ્મૃતિ*
- વસ્તુ પાછળ દોડો નહીં, તેને માટે લાયકાત કેળવો, લાયકાતથી તે વસ્તુ સહેજમાં તમારી પાછળ દોડતી આવશે - *મુનિ ચંદ્રવિજયજી*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

ઇશ્વરે આપણને જીવનના કોઇ મકસદ સાથે જ એ હેતુની પૂર્તિ માટે અહીં મોકલ્યા છે. આપણે એ ભૂલી જઇ બીજા રવાડે ચઢી જઇએ એમાં આપણો દોષ છે બાકી જો શ્રદ્ધા-વિશ્વાસથી 'સ્વચ્છ' જીવન જીવીએ તો ઇશ્વર જાતે જ આંગળી પકડી આપણને એ નિશ્ચિત માર્ગે દોરી જ જાય છે.

ડો. જોસેફ ગાર્ડીયન ખૂબ મોટા ડોક્ટર હતા. સારા સર્જન હતા. આવક પણ સારી હતી. શહેરમાં અને આસપાસ તેમનું 'નામ' હતું...

આમ છતાં હૃદયમાં તેમને વ્યથા રહેતી હતી. જીવન અધુરું-ધ્યેય વિહીન લાગતું હતું. આવક અને સુખ સુવિધા છતાં જીવન જાણે 'પરિશ્રમ' હોય એવું સતત લાગતું હતું. આખરે થાકી હારી એક દિવસ એ બિશપ પાસે ગયા અને હૈયાફાટ રડયા પછી અશ્રુ સાથે પોતાની વેદનાથી બિશપના ચરણ પખાળ્યાં...

બિશપે આશ્વાસન આપતાં કહ્યું... જો ભાઇ, જેણે તને આ ધરતી પર મોકલ્યો છે એ સતત તારી જીવનયાત્રામાં તારી સાથે જ છે. અત્યાર સુધી તે તબીબી સારવાર 'ધંધા' તરીકે કરી હવે એને 'સેવા' સ્વરૂપે જઇ કોઇ અજાણ્યાનાં નાનાં ગામડામાં જઇ ગરીબ દર્દીઓની નિ:શુલ્ક સેવા કર-તારી વ્યથામાંથી આનંદ પ્રકટશે. ઇશ્વરે જ તને મારી પાસે દિશાસૂચ માટે મોકલ્યા છે.. અને જોસેફને જીવન જીવવાની નવી દૃષ્ટિ મળી. પછી તરત લંડન આસપાસના કોઇ ગામડાંમાં નાની હોસ્પિટલ શરૂ કરી સેવામાં પરોવાયા.

Email - sureshchandrabhatt18@gmail.com

માનવીને સ્વસ્થ બનાવવા પ્રકૃતિના સાંનિધ્યમાં જવું જોઇએ, કુદરતમાં એક અનોખો જાદુ છે જે વેદનાઓમાંથી મુક્તિ આપે છે

રૂડો ઋતુરાજ

- શાન્તિભાઈ બી. પટેલ

ગુણવંત શાહ પોતાની કટારમાં વસંત વિશે લખે છે કે, સંગીતશાસ્ત્રમાં છંદનું નામ વસંતતિલકા ને ફૂલનું નામ વસંતતિલક છે, કામદેવને વસંતસખા, વસંતબંધુ કહ્યો છે, ભગવાને ખાસ સર્જેલી ક્ષતુને વસંત કહે છે અને કોયલના ટહુકાને આપણે વસંતમંત્ર કહી શકીએ.

વસંતને કહેજો કે એકલી નો'વે;
પલ્લવના પાલવમાં મઘમઘતી એક બે
મંજરીઓ લીમડાની લાવે
કે એકલા હૈયાને ઓછું ના આવે!

- જયન્ત પાઠક

મહા સુદ પાંચમને ૧૪મી ફેબ્રુઆરીથી બે મહિના સુધી ઋતુઓનાં રાજા એવી વસંતઋતુ પૃથ્વી લોકને કુદરતી પ્રકૃતિનો અનુભવ કરાવશે. શિયાળા અને ઉનાળાનું મિલન એટલે વસંતઋતુ, પાનખરમાં મુરઝાઇ ગયેલી વનરાજી હવે લીલાછમ વાઘા પહેરશે અને પ્રકૃતિનું નયનરમ્ય સૌંદર્ય ખીલી ઉઠશે!

વસંતઋતુનું નામ પડે એટલે આપણા મનમાં ઝાડ, પાન, ફૂલ, ગુલાબી પવન, નવી નવી નવી કૂપળો, ચોખ્ખું આકાશ અને હવે લાલ કલરની કંકોતરી યાદ આવે, પ્રકૃતિ માટે નવું જીવનદાન મેળવવાની અને નવયુગલો માટે લગ્ન જેવા પવિત્ર બંધને બંધાવવાની આ અદ્‌ભૂત ઋતુ છે.

ભારતવર્ષમાં ઋતુઓની શરૂઆત વસંતઋતુથી થાય છે. મહા સુદ પંચમી 'વસંતપંચમી' થી પ્રકૃતિનું નવું કલેવર, સુંદરતાનો ઝગમગાટ અને સોળે કળાએ ખીલેલા પુષ્પોની સોડમ કુદરતના કરિશ્મનાના દર્શન કરાવે છે. આ ઋતુમાં યુવા પ્રેમીઓનાં મિલનને જોઇને કુદરત પણ સ્મિત વેરે છે, પવન, પરિમલ અને કુંપળ યુવા હૈયાના પ્રતીકો છે. તળાવો અને સરોવરો કમળોનાં ફૂલો વચ્ચે શીતળતાના પ્રહરી બને છે. સાથે સાથે સરોવરોના શાંત જળ ઉપર ચંદ્રમાના કિરણો તરતા રહે છે.

આપણા જીવનમાં વસંત પુરબહારમાં ખીલે છે. સમસ્ત જનજીવનમાં અને પ્રત્યેક પ્રાણીઓમાં પ્રાણોનો સંચાર કરી કામાસક્ત કરી મૂકે છે. આ ઋતુમાં પીળા રંગનું ખૂબ જ મહત્ત્વ છે. લોકો પોતાના પ્રિય પાત્રને મળવાની ઝંખના સેવે છે. સમગ્ર તતા આનંદ- ઉત્સાહ - ઉલ્લાસ- જોમ - સ્ફૂર્તિ આ ઋતુની દેન છે. વસંતના દિવાના હોય છે કવિ, પ્રેમી, અને પાગલ. કવિ મનોજ ખંડેરિયા કહે છે.

આ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કંઇ નથીં પગલાં વસંતના.

વસંત એટલે જીવનનું મહાકાવ્ય, આ કાવ્ય ન સમજે તે ખલનાયક, વૃક્ષોને દીક્ષા પ્રાપ્ત થાય છે ફળ સ્વરૂપે.

ફૂલોને દીક્ષા મળે છે રસ, સુગંધ સ્વરૂપે અને જીવનનને દીક્ષા મળે છે આનંદ કે પૂર્ણ ઉલ્લાસની.

ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યું હતું ઋતુઓમાં વસંત હું છું!
ઝવેરચંદ મેઘાણીના 'ફાગણ આયો' કાવ્યમાં -
ફાગણ આયો ફાગણ આયો રે!
ઋતુઓ કેરો રાજન આપો, ફાગણ આયો રે!
ફૂલડે છાયો, રંગ સુકાયો
કવિ કાલિદાસના 'વિક્રમોવર્શીય'નાં શ્લોકમાં
'મુગ્ધત્વસ્થ ચ યૌવનસ્થ ચ સખે મધ્યે મધુશ્રી સ્થિતા'

એટલે કે 'મિત્ર વસંતની શોભા, બાળપણ અને યૌવન વચ્ચે રહેલી છે.'

કવિ મનોજ ખંડેરિયાની ગઝલની એક પંક્તિમાં
ફાંટુ ભરીને સોનું સુરજનું ભરો હવે,
પાછા ફરીને આવશે તડકા વસંતના.

આ ઋતુ પુષ્પધન્વા (કામદેવ)ના પૂર્ણ આધિપત્યની ઋતું છે. આ ઋતુ દેવો અને પ્રભુને પણ પ્રિય છે.

પ્રાચીન કવિ જયદેવે પોતાનાં ગીત ગોવિંદ મહાકાવ્યમાં ભગવાન શ્રીકૃષ્ણને વસંતઋતુમાં લતા - મંડપોમાં ગોપીઓ સાથે ભ્રમણ કરતા અને રાસ કરતા વર્ણવ્યા છે.

વસંતઋતુને યૌવનની કલગી કહી છે. હર્ષ, ઉમંગ, સૂર, સંગીત, તાલ અને સૌંદર્યની જીવંત પ્રતિમા કહી છે. આંબા પર મંજરી મ્હોરી ઊઠે છે, અને લચી પડેલાં પુષ્પો ઉદ્યાનોની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ભ્રમરો પણ પુષ્પોના પરાગની માદકતાથી ઉન્મત્ત બનીને ગુંજી ઉઠે છે, રંગ, રૂપ અને ગંધની વાસંતનીનો ત્રિવેણી સંગમ દરેકને હિલોળે ચઢાવે છે.

વસંતપંચમીનો દિવસ સર્જનહાર બ્રહ્માની પુત્રી સરસ્વતીના જન્મદિવસ તરીકે પણ ઉજવાય છે. તેથી જ તેને જ્ઞાન પંચમી તરીકે ગણીને તેની આરાધના કરવામાં આવે છે.

બંગાળી સમાજમાં આ દિવસનું ખૂબ જ મહત્ત્વ હોય છે. નાના બાળકોને પ્રથમવાર અક્ષરજ્ઞાન આપવા આ દિવસને શુભ ગણવામાં આવે છે.

● *વસંતપંચમીની કથા*

વિષ્ણુ ભગવાનની સૂચનાથી બ્રહ્માજીએ પૃત્વી પર જીવ (મનુષ્ય યોનિ) ની રચના કરી પણ આ રચનાથી બ્રહ્માજી ખુશ ન હતા, તેમને કંઇક ખામી હોય તેવું સંતત લાગતું હતું. પૃથ્વી પરનું મૌન બહ્માને ગમ્યું નહીં. આથી વિષ્ણુની અનુમતિ મેળવીને તેમણે પોતાના કમંડળમાંથી જળ લઇ પૃથ્વી પર તેનો છંટકાવ કર્યો. પરિમામે કંપન પેદા થયું અને ચર્તુભૂજ સુંદર દેવીનો અવતાર થયો. જેને એક હાથમાં વીણા, બીજા હાથમાં પુસ્તક, ત્રીજા હાથમાં માળા અને ચોથા હાથમાં વરમુદ્રામાં હોત. બ્રહ્માએ તેમને વીણા વગાડવાનું કહ્યું આ દેવી વીણા વગાડવાનું શરૂ કર્યું અને તેનો મધુર સાદ સમજી પૃથ્વી પર ફેલાઇ ગયો. આ સ્વર સાથે પૃથ્વી પરના સમસ્ત જીવ-જંતુઓને પણ સ્વર પ્રાપ્ત થયો. પ્રકૃતિએ પણ સ્વર પ્રાપ્ત કર્યો. પૃથ્વી પર 'સ્વર પેદા' કરનારી આ દેવીને તે સમયે બ્રહ્માએ 'વાણીની દેવી સરસ્વતી' નામ આપ્યું. આ દેવીને ભગવતી, વાગીશ્વરી, શારદા વીણાવાદિની અને વાગ્દેવી સહિત અનેક નામોથી પૂજા - અર્જના થાય છે, તે વિદ્યા અને બુદ્ધિની દેવી હોવાથી આ દિવસે તેની વિશેષ પૂજા ઉપાસના થાય છે.

માનવીને સ્વસ્થ બનાવવા પ્રકૃતિના સાંનિધ્યમાં જવું જોઇએ, કુદરતમાં એક અનોખો જાદુ છે જે વેદનાઓમાંથી મુક્તિ આપે છે.

કુદરતના આ ઉત્સવને મન ભરીને ઉજવવાની જરૂર છે. આપણી બાજુબાજુના જીવનમાં બધા જ રંગો વિખરાઇ જાય ત્યારે કુદરત પોતે પણ ઉત્સવ મનાવવા મગ્ન હોય તો આપણે દૂર કેવી રીતે રહી શકીએ.

ગુણવંત શાહ માણસ માટે લખે છે. 'વસંતના વાવડ કેસુડાં કે પછી મજંરી દ્વારા મળતા હોય છે. વસંતથી બધુ બદલાય, પણ એક ન બદલાય માણસનો મિજાજ. નવપલ્લવિત વૃક્ષો વચ્ચે ક્યારેક જૂનો માણસ ઊભો રહે છે.'

ટી.પી. યોજના મંજુરી માટે પડતર હોય ત્યારે વિકાસ પરવાનગી આપી શકાય નહિ-સુપ્રિમ કોર્ટ

નિલકંઠ બંગલાનો ગેરકાયદેસરતા યથાર્થ પરંતુ હાલ પુરતા બંગલા તોડવા સામે સ્ટે

વાત કાનૂન કાયદાની...

-અશ્વિન વી. ત્રિવેદી એડવોકેટ

બહુચર્ચિત નિલકંઠ વિલાના ૧૮૮ બંગલાની ગેરકાયદેસરતા સુપ્રિમ કોર્ટ હાલ પૂરતી યથાર્થ ઠેરવતો ચુકાદો આપેલ છે. ગુજરાત હાઇકોર્ટમાં હાર્યા બાદ ધર્મદેવ ઇન્ફ્રાસ્ટ્રક્ચરે વિલંબથી સુપ્રીમ કોર્ટમાં સ્પે. લીવ પીટીશન દાખલ કરી હોવાથી પહેલા તો વિલંબની માફીની અરજી દાખલ કરી હતી જે માન્ય રાખી સુપ્રીમ કોર્ટ અપીલની સુનવણી દરમ્યાન સુપ્રીમે આશ્ચર્ય સાથે જણાવ્યું કે ટ્રાફ્ટ ટી.પી. સરકારમાં મંજૂરી અર્થે પડતર હોવા છતાં કયા આધાર પર પ્રસ્તુત કેસમાં ડેવલોપમેન્ટ પરમીશન ઔડા દ્વારા મંજૂર કરવામાં આવી? ઔડાને હાજર કરવા આદેશ કર્યા બાદ નિર્ણય લેવાયો ત્યાં સુધી ગુજરાત હાઇકોર્ટ ના ચુકાદાને યથાર્થ ઠેરવેલ છે.

પોતાની જમીન ઉપર ધર્મદેવ ગ્રુપને બાંધકામની પરવાનગી આપતા ઔડા સામે મુળ માલિક ધર્મેન્દ્ર ડાહ્યાભાઈ પટેલે ગુજરાત હાઇકોર્ટમાં પીટીશન દાખલ કરી પરવાનગી રદ કરવા દાદ માંગેલ જેમાં ગુજરાત હાઈકોર્ટ ૧/૭/૨૦૦૯ ના રોજ ઔડાને ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આપેલ ડ્રાફ્ટ ટી.પી. ઉપરની વિકાસ પરવાનગી ગેરકાયદેસરની જણાવેલ. ગુજરાત ટાઉન પ્લાનીંગ એકટની જોગવાઈ મુજબ જયાં સુધી ટી.પી. સ્કીમ મંજૂરી અર્થે પડતર હોય ત્યાં સુધી જે તે વ્યકિતને ફળવાયેલ જમીનનો તે માલીક બની શકે નહિ. પ્રસ્તુત કેસમાં ધર્મદેવ ગ્રુપને ફાળવી દેવાયેલી અરજદાના હિસ્સાની જમીનનો સરકાર જયાં સુધી ટી.પી. મંજૂર ના કરે ત્યાં સુધી ધર્મદેવ ગ્રુપ માલીક જ ન હતા તેમ છતાં ઔડાએ તેને ડેવલોપમેન્ટ માટે પરમીશન આપતા ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ૧૮૮ બંગલાની લક્ઝરીયસ સ્કીમ મુકી નાણા મેળવેલ.

વિકાસ પરવાનગી રદ કરવાના ગુજરાત હાઇકોર્ટના હુકમ સામે સ્ટે આપવા સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ ઈન્કાર પરંતુ બંગલા હાલ પૂરતા તોડવા સામે સુપ્રીમ કોર્ટે એપ્રીલ સુધી વચગાળાનો મનાઈ હુકમ આપતા બંગલાના માલીકોને હાલ પૂરતી રાહત મળેલ છે. સદર કેસમાં વિકાસ પરવાનગી રદ થઈ હોવા છતાં ઔડા દ્વારા બંગલા તોડવાની કોઈ જ કાયદેસરની કાર્યવાહી સમયસર કરવામાં ના આવતા ૧૮૮ બંગલા તોડવા સામે હાલ પૂરતો સુપ્રીમ કોર્ટે વચગાળાનો મનાઈ હુકમ ફરમાવ્યો છે.

ઔડા કે સક્ષમ સત્તાવાળાઓ અનઅધિકૃત બાંધકામ રાતોરાત તોડી નાખી આમ જનતાને બેઘર બનાવી દેતા હોય છે. સદર કેસમાં વિકાસ પરવાનગી રદબાતલ ગુજરાત હાઇકોર્ટે કરેલ હોવા છતાં ૧૮૮ બંગલા તોડવા ઔડાએ કોઈ જ કાર્યવાહી ના કરી બેદરકારજી રાખી છે જે અંગે સુપ્રીમ કોર્ટે ઔડાના અધિકારીને એફીડેવીટ ફાઈલ કરવા જણાવ્યું છે. ભવિષ્યમાં ગેરરીતિ જણાશે તો અધિકારી ઉપર આકરા પગલા લેતા સુપ્રીમ કોર્ટે અચકાશે નહિ તે નક્કી છે.

મુળ જમીન માલિકની રીટ પીટીશન માન્ય રાખી જસ્ટીસ એન. આર. શાહ સાહેબે તા. ૧૫/૩/૨૦૧૧ ની ઔડા દ્વારા ધર્મદેવ ગ્રુપને આપેલ વિકાસ પરવાનગી રદ કરી નાખેલ. આ હુકમથી નારાજ ધર્મદેવ ગ્રુપ દ્વારા ખંડપીઠ સમક્ષ લેટર્સ પેટન્ટ અરજી દાખલ કરાઈ હતી પરંતુ તેમાં પણ અપીલ ફગાવી દેતા સીંગલ જજના હુકમને માન્ય રાખતો હુકમ ખંડપીઠે કરેલ અને જણાવ્યું હતું કે ટી.પી. સ્કીમ મંજૂર ના થાય ત્યાં સુધી વિકાસ પરવાનગી આપી શકાય નહિ. પ્રસ્તુત કેસમાં ટી.પી. જાહેર થાય તે પહેલા જ ઔડા સત્તાવાળાઓએ ધર્મદેવ ગ્રુપને બાંધકામની પરવાનગી આપી દીધેલ છે જે ગેરકાયદેસર ઠરે છે. કોઈપણ વ્યકિતને તેના જમીન ધારણ કરવાના હકથી વંચીત રાખી શકાય નહિ ત્યારબાદ રીવ્યુ અરજ પણ ખંડપીઠે ફગાવી દેતા ધર્મદેવ ગ્રુપે સુપ્રીમના દ્વાર ખટખટાવ્યા છે.

પ્રસ્તુત કેસમાં ઔડાની ભૂલના કારણે ૧૮૮ બંગલા ખરીદનારાઓની રાતોની ઉંઘ હરામ થઈ છે તો આ બંગલા ઉપર મોરગેજ લોન અને બાંધકામ લોન આપનારી બેન્કોની તથા નાણાકીય સંસ્થાઓની હાલત કફોડી બની છે. બેન્કોએ જે તે સમયે ઔડાની વિકાસ પરવાનગીને મુખ્ય આધાર તરીકે ગણી ધર્મદેવને જમીનના માલીક ગણી ડેવલોપમેન્ટ માટે મોટી રકમની લોન મંજૂર કરાઈ હતી. બંગલા તોડવાનો વારો આવે તો જે લોકોએ ઉંચા ધિરાણ લઈ બંગલા ખરીધા છે તેઓ લોન કેવી રીતે ભરપાઈ કરશે તેની ચિંતા હાલ તો બેન્કો અને નાણાકિય સંસ્થાઓને સત્તાવી રહી છે.

ઔડાની એક ભૂલને કારણે અગરતો ડેવલોપર સાથેની ખુલ્લી સાંઠગાઠને કારણે ૧૮૮ બંગલાના માલિકોને તેની કાયદેસરતા સામે માલિકીપણા સામે પ્રશ્ન ઉભા થયા છે ત્યારે સામા પક્ષે બેન્કોએ મોટા ધિરાણ આપી સદર ધિરાણ પરત મેળવવાની ચિંતામાં પડી ગયા છે.

ધર્મદેવ ગ્રુપે મૂળ માલિકની વાંધા અરજીઓને લોકો સામે મુક્યા સીવાય અંધારામાં રાખી મૂળ માલિક ધર્મેન્દ્ર ડાહ્યાભાઈની ૨૪૨૮ ચો.મી. જમીનમાં બાંધકામ માટે ઔડા દ્વારા ૨૦૦૯ માં ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.ને મંજૂરી આપી દેવાઈ તેમાં મૂળ માલિકીની કબજા અંગે સંમતી મેળવવામાં આપેલ ન હોતી અને રાજય સરકાર દ્વારા ટી.પી. યોજના તૈયાર થાય તે પહેલા સદર જમીન ઉપર બાંધકામ કરવા માટે ઔડાએ વિકાસ પરવાનગી ધર્મદેવને આપતા પરવાનગી આધીન ધર્મદેવ ગ્રુપે અમરદિપ કો.ઓ. હા.સો.લી.ના નામે નિલકંઠ વીલાની ૧૮૮ બંગલાની લક્ઝરીયસ યોજના અમલમાં મુકી સમગ્ર હકિકતની જાણ કર્યા સીવાય સભ્ય બંગલાને ઉંચી કિંમતે વેચાણ કરી દીધેલ હતા. હાલમાં બંગલાની કાયદેસરતા સામે પ્રશ્નાર્થ ઉપસ્થિત થતા ઉંચી કિંમતે ઘરના ઘરનું સપ્નનું સાર્થક કરવા ઉંચી લોનો મેળવી બંગલા ખરીદનારા ૧૮૮ પરિવારો અર્જાપાભરી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. ઔડાની લાપરવાહી અને બિલ્ડર સાથેની સાંઠગાંઠ તથા તંત્રની મીઠી નજરનો ભોગ મુળ જમન માલિક અને બંગલા ખરીદનારને બનવું પડેલ છે.

દિવસ દરમિયાન ખીલતાં હોય તેવા ફૂલો લાલ, પીળાં, કેસરી જેવા આકર્ષક ભડકીલા રંગો ધારણ કરે છે, આવા ફૂલો એક અભ્યાસ મુજબ અલ્ટ્રાવાયોલેટ કિરણોનું પણ પરાવર્તન કરે છે જે કેટલાક કીટકો અને પક્ષીઓને સરળતાથી જોવા મળે છે

વન્યસૃષ્ટિ પરિચય

આવી... ફુલોની ઋતુ વસંત

- હેમંત સુથાર

આપણી પૃથ્વી પરની વનસ્પતિઓને અપુષ્પી અને સપુષ્પી એમ બે ભાગમાં વહેંચવામાં આવે છે. આ પુષ્પી એટલે કે જે વનસ્પતિઓને ફુલો આવતાં નથી તે અને સપુષ્પી એટલે કે જે વનસ્પતિઓને ફૂલ આવે છે તેવી વનસ્પતિઓ.

લીલ, ફુગ, શેવાળ, હંસરાજ જેવી વનસ્પતિઓને ફુલ ઉગતાં નથી. સમજી શકાય તેવી વાત એ છે કે તેને બીજ કે ફળો પણ ન થાય.

વનસ્પતિ જગતના વર્ગીકરણ પ્રમાણે વનસ્પતિઓને ફુલ ૨૪ વર્ગોમાં વહેંચવામાં આવી છે. આ વર્ગીકરણ માટેનો મુખ્ય માપદંડ વનસ્પતિના ફુલોને આધારે નક્કી થયેલ છે. વિશ્વમાં ૪,૦૦,૦૦૦ જેટલી સપુષ્પી વનસ્પતિ હોવાની ધારણા કરવામાં આવે છે. આ પૈકી અત્યાર સુધીમાં ૨,૬૦,૦૦૦ જેટલી ફૂલોવાળી વનસ્પતિઓનું નામકરણ થઇ ચુક્યું છે. હજુ રોજ-બરોજ જુદી જુદી વનસ્પતિઓની ઓળખ થઇ રહી છે.

સપુષ્પી વનસ્પતિઓના ૪૫૦ જેટલા કુટુંબો છે. વનસ્પતિ જગતમાં ૪૫૦૦ લાખ વર્ષ પહેલાં પ્રથમ છોડને ઉદ્‌ભવ થયો હોવાનું મનાય છે. જયારે અપ્રત્યક્ષ પુરાવાઓ મુજબ ૨૫૦૦ લાખ વર્ષ પહેલાં ફુલોવાળી વનસ્પતિ આ પૃથ્વી પર ઉદ્‌ભવી હોય તેવું અનુમાન છે. સપુષ્પી વનસ્પતિનો અવશેષ ઉદ્‌ભવી હોય તેવું અનુમાન છે. સપુષ્પી વનસ્પતિનો અવશેષ (ફોલિસ) વર્ષ ૨૦૦૨ માં ઉત્તર ચીન વિસ્તારમાંથી મળી આવેલ છે. જે ૧૨૫૦ થી ૧૩૦૦ લાખ વર્ષ પ્રાચીન હોવાનું જાણવા મળ્યું છે. વનસ્પતિ જગતમાં સપુષ્પી વનસ્પતિઓ છેલ્લે છેલ્લે આવેલી મનાય છે.

વજ્, દલપુંજ, પુંકેસર અને સ્ત્રીકેસર વનસ્પતિના મુખ્ય અંગો છે. વજ્ ફૂલોનાં નીચેના ભાગે આવેલ લીલા રંગનો ભાગ છે. દલપુંજ ફૂલની પત્તિઓ છે જે વિવિધ આકાર અને રંગો ધરાવતી હોય છે. પુષ્પોમાં સ્ત્રીકેસર અને પુંકેસર બંને હોય તેવા ફૂલો દ્વિલિંગી પુષ્પો ગણાય છે. જયારે કેટલીય વનસ્પતિના ફૂલોમાં ફક્ત સ્ત્રીકેસર કે ફક્ત પુંકેસર જ હોય છે. આવી વનસ્પતિઓ એકલિંગી પુષ્પોવાળા નર કે માદા તરીકે ઓળખાય છે.

પવન, પાણી, પ્રાણી અને કીટક આ બધા પુષ્પોને પરાગનયન ક્રિયામાં મદદરૂપ બનતાં વાહકો છે. ચામાચીડિયા, વાગોળ અને કેટલાક સસ્તન પ્રાણીઓ પર પરાગનયન ક્રિયામાં મદદરૂપ બને છે. પરાગનયન સરળ બને અને ઝડપથી યોગ્ય માધ્યમ દ્વારા થાય તે માટે વનસ્પતિના પુષ્પો આકાર, રંગ, સુગંધ અને મધુરસ વગેરેમાં વિવિધ અનુકૂલોનો ધારણ કરે છે.

ઘાસ જેવી વનસ્પતિના પુષ્પોનું પરાગનયન કાર્ય પવનના માધ્યમથી થતું હોય છે. આ કારણે ઘાસના ફૂલોમાં રંગ, સુગંધ તથા આકારોનું વૈવિધ્ય જોવા મળતું નથી. જયારે કીટકો અને પક્ષીઓની મદદથી પરાગનયન થતું હોય તેવા પુષ્પો તેમને મદદરૂપ બનતાં વાહકોને આકર્ષવા માટે વિવિધ આકર્ષક રંગો ધારણ કરે છે. પુષ્પોના વિવિધ રંગો જોઇ ન શકાય તેવી સ્થિતિમાં હોય તો તેઓ સુગંધ દ્વારા પણ સંદેશાઓ પહોંચે તે માટે સુગંધ વહાવે છે.

દિવસ દરમિયાન ખીલતાં હોય તેવા ફૂલો લાલ, પીળાં, કેસરી જેવા આકર્ષક ભડકીલા રંગો ધારણ કરે છે. આવા ફૂલો એક અભ્યાસ મુજબ અલ્ટ્રાવાયોલેટ કિરણોનું પણ પરાવર્તન કરે છે જે કેટલાક કીટકો અને પક્ષીઓને સરળતાથી જોવા મળે છે.

રાત્રી દરમિયાન ખીલતાં હોય તેવા ફૂલો મોટે ભાગે સફેદ રંગના હોય છે. આ માટેનું કારણ રાત્રીના અંધકારમાં તેવા ફૂલો પરાગનયન વહનમાં મદદરૂપ બનતા જીવો તેને સરળતાથી જોઇ શકે તે છે. રાત્રી દરમિયાન ખીલતાં સફેદ રંગના ફૂલોમાં સુગંધ પર અતિ તીવ્ર હોય છે. નાગચંપો, રાતરાણી, જૂઇ અને સપ્તપર્ણી જેવી વનસ્પતિઓના ફૂલોની સુગંધ સારા એવા વિસ્તારમાં ફેલાતી હોય છે. આ માટેનું કારણ પરાગનયન વાહકોને આકર્ષવા માટેનું જ છે.

મોટા ભાગની વનસ્પતિ પર વર્ષ દરમિયાન એક વાર કે બે વાર ફૂલો આવે છે. કેતકી (અગેવ) પર ઘણાં લાંબા સમય બાદ એક જ વાર ફુલ આવે છે. તેના જીવનકાળમાં એક વાર ફુલ આવ્યા બાદ કેતકી મરી જાય છે. તે જ રીતે ઘાસની જાત એવી વાંસની વિવિધ જાતોમાં પણ ફુલ આવવાનો સમય લાંબો હોય છે. વાંસ પર એક વાર ફુલ આવે ત્યારબાદ તે જ વિસ્તારના એક જ વાંસના બીજમાંથી ઉગે છે. બધા જ વાંસ સુકાઇ જાય છે. દક્ષિણ અમેરિકાના પુયા રૈમોન્ડીલ નામની વનસ્પતિ પર ૧૫૦ વર્ષો બાદ એક જ વાર ફુલ આવે છે. ફૂલ આવ્યા બાદ છોડ મરી જાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)